


## ડીસામાં રજુઆત કરવા આવેલ નાગરીક સાથે ચીફ ઓફીસરનું ઉદ્ધતાઈભર્યું વર્તન

ડીસા શહેરના જલારામ બંગ્લોઝ વિસ્તારમાં પડેલ રોડના ખાડા ના સમારકામ અંગે રજુઆત કરવા આવેલ રહીશને ચીફ ઓફીસરે હડધુત કરી મારી નાખવાની ધમકી આપતાં આ રહીશે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકમાં રજુઆત કરેલ છે. ડીસા શહેરના જલારામ બંગ્લોઝ વિસ્તારમાં રોડના ખાડા અંગે વારંવાર રજુઆતો કરવા છતાં તેનો નિકાલ નહીં આવતા આ વિસ્તાર ના રહીશો એ રેલી કાઢી નગરપાલિકાને આવેદનપત્ર આપવા માટે આવ્યા હતા. ત્યારે ચીફ ઓફીસર હેમંતભાઈ પટેલ ઉશ્કેરાઈ જઈને રહીશ ખુશાલભાઈ ઉમાજી પરમારને આ તારા બાપનો રસ્તો નથી તેમ કહી કોલર થી પકડી મા બેન સમી ભુંડી ગાળો બોલી ધક્કો મારી ધમકી આપેલ કે અહીંથી જતો રહે નહીંતર જાનથી મારી નાખીશ. આમ રજુઆત કરવા માટે આવેલ રહીશ સાથે ઉધ્ધાતાઈ ભર્યું વર્તન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચીફ ઓફીસર હેમંતભાઈ પટેલ સામે ખુશાલભાઈ પરમારે ઉત્તર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાંથી માછલી પકડતા માછીમારો સામે લોકોમાં રોષ

## ધાર્મિક સ્થળે રોજ હજારો કિલો માછલી પકડી બજારમાં વેચી નાખવામાં આવે છે

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા શહેરમાંથી પસાર થતી હરણાવ નદીમાં પવિત્ર શ્રાવણ માસમાં હજારો શ્રધ્ધાળુઓ આવે છે અને આસપાસમાં મંદિરો સહિત અનેક ધાર્મિક સ્થાનો આવેલા છે. ત્યારે આ નદીની આસપાસ હવે છેલ્લા ઘણા સમયથી માછલી પકડતા માછીમાર તત્વો પણ સક્રીય થયા છે અને રોજ અસંખ્ય માછીમારો વહેલી સવારથી આવી માછલીઓ પકડી બજારમાં વેચી નાખે છે. પરિણામે લોકોની ધાર્મિક લાગણી દુભાઈ છે.

પવિત્ર શ્રાવણ માસ હાલ ચાલુ છે અને પવિત્ર શ્રાવણ માસની સાથે ચોમાસુ પણ ભરપુર છે ત્યારે ખેડબ્રહ્માની હરણાવ નદી પણ બે કાંઠે થઈ વહી રહી છે જયાં અનેક નદીઓનો સંગમ પણ થાય છે તો નદી કિનારે કારતક સુદ પુનમના રોજ વિશાળ મેળો ભરાય છે અને અસંખ્ય ભકતો મોટી સંખ્યામાં જોડાયા છે ત્યારે ખળખળ વહેતી નદીમાં માછલીઓ પકડવા માટે નદી કિનારે કેટલાક માછીમારો આવી પહોંચે છે અને સવારથી સાંજ સુધી માછલીઓને પકડે છે અને સાંજે બજારમાં વેચી મારે છે અને નદીમાં માછલીઓને ન પકડવી તેવી સૂચનાઓને પણ ઘોળીને પી જાય છે આવા માછીમારોની સામે તંત્ર પગલાં ભરે તેવી માંગ નદી કિનારે આવતા શ્રધ્ધાળુઓ અને ગ્રામજનો કરી રહ્યા છે.



## ડીસાના સમૌમોટામાંથી ૨૦,૨૦૦ના મુદામાલ સાથે ૧૧ જુગારીયા પકડાયા

ડીસા તાલુકાના સમૌ મોટા ગામે રવિવારની મોડી રાત્રે ડીસા રૂરલ પોલીસની ટીમે બાતમીને આધારે છાપો મારી શ્રાવણિયો જુગાર રમી રહેલા ૧૧ ઈસમોને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. તેમની પાસેથી ૭ મોબાઈલ સહિત રૂા. ૨૦,૨૦૦નો મુદામાલ કબ્જે લેવાયો હતો. ડીસા તાલુકાના સમૌમોટા ગામે કેટલાંક ઈસમો રવિવારની મોડી સાંજે એક મકાનમાં લાઈટના અજવાળામાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમી ડીસા રૂરલ પોલીસને મળતાં પોલીસે મોડી સાંજે છાપો મારી જુગાર રમી રહેલ ટોળીને ઘેરી લીધી હતી. જેમાં વેલાભાઈ પ્રભુભાઈ નાઈ, ધીરુભાઈ નરસિંહભાઈ શ્રીમાળી, મગનભાઈ મફાભાઈ તીરબંધા, અરવિંદજી દીવાનજી જાદવ, અમરતભાઈ મફાભાઈ મોદી , કાળુભાઈ વેલાભાઈ મોદી ,નાથાભાઈ ઉદાભાઈ મોદી,સંજુભાઈ બબાભાઈ નાઈ (તમામ રહે-સમૌમોટા) અને જાકીર વલીભાઈ સુમરા (રહે.કોઈટા,તા.પાટણ) ને ઝડપી લીધા હતા તેમની પાસેથી ૭ મોબાઈલ(કિંમત રૂ.૫૫૦૦) અને અંગઝડતીમાં રોકડા ૧૧,૩૦૦અને પટમાંથી રૂા. ૩૪૦૦ મળી કુલ રૂા. ૨૦,૨૦૦નો મુદામાલ કબ્જે કર્યા હતો. (તસ્વીર-કાન્તિલાલ લોધા, ડીસા)



ખેડબ્રહ્મામાં આજે બ્રહ્મસમાજ દ્વારા જનોઈ બદલવાનો સમુહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૦ થી વધુ ભુદેવોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પાલનપુર લૉ કોલેજમાં ડીબેટ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

પાલનપુરની બી.કે. મર્કેન્ટાઈલ બેંક લો કોલેજ ખાતે તાજેતરમાં ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને કોલેજના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓએ 'એન્કાઉન્ટર એ કાયદા શાસનનો ઈન્કાર છે-કે નથી' તે વિષય પર ચર્ચા કરી હતી.

આ ડીબેટ સ્પર્ધમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ડિવિઝનના નાયબ અધિક્ષક કે.કે. ભૂતૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. બાદમાં નાયબ અધિક્ષક કે.કે. ભૂતૈયાએ પોલીસની ફરજો અને એન્કાઉન્ટર દરમિયાન વાસ્તવિક પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા અને વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા. આ સ્પર્ધા માં પ્રથમ ક્રમે રમીઝખાન ચાવડા, દ્વિતીયક્રમે લજ્જા વકીલ અને તૃતીય ક્રમ હર્ષ રાવલે હાંસલ કર્યો હતો.

કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. ઋગ્વેન્દ્ર વ્યાસ, ડૉ. મીનલ ઉપાધ્યાય, પ્રો. આરતી દવેએ કર્યું હતું. જયારે પ્રો. અશોક પુરોહિત અને પ્રો. રવિદાન કૌરએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

# ડીસા જિલ્લામાં આજે રક્ષાબંધનનું પર્વ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયું

ડીસા, તા. ૨૦

રક્ષાબંધન પર્વ બનાસકાંઠા જિલ્લામાં પણ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ હતી. જો કે આ વર્ષે રક્ષાબંધનને મુહુર્તનું ગ્રહણ લાગી ગયું હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી. પુનમ સાંજથી શરૂ થાય છે અને બુધવારે સવારે સાત વાગ્યે પુરી થાય છે. જેને કારણે રાખડી ક્યારે બાંધવી અને યજ્ઞો પવિત ક્યારે બદલવી તે અંગે અવઢવ સ્થિતિમાં મુકાયા હતા. આમ છતાં ભાઈ-બહેનના અતુટ સ્નેહના પર્વ રક્ષાબંધનને લઈને જિલ્લામાં સિઝનેબલ વેપાર કરતા વેપારીઓ અવનવી રાખડીઓનો મોટો જથ્થો વેચાણ માટે લાવી દીધો છે. જેની ખરીદી માટે બહેનોની સવારથી જ ભારે ભીડ જામી હતી. આ ઉપરાંત વિવિધ રેકડી ચલાવનાર તેમજ અન્ય ધંધા સાથે સંકળાયેલા ધંધાર્થીઓ પણ રાખડીનો જથ્થો લાવી વેચાણમાં મુક્યો છે. જેને ખરીદવા ગરીબ તેમજ મધ્યમ વર્ગીય તથા તમામ વર્ગના લોકોની ભારે ભીડ જામી હતી. રાખડીઓમાં બાળકોને લોભાવતી ટેડીબેર વિવિધ કાર્ટુન્સ, છોટા ભીમ, લાઈટવાળી, અવનવા ભરત ગુંથણ વાળી, ચાંદીની વિવિધ પ્રકારની, સ્ટોનવાળી, રૂદ્રાક્ષ વાળી તેમજ અન્ય કિંમતી રાખડીઓની ઠેર ઠેર હારમાળા સર્જાયેલી જોવા મળી હતી. બહેન પોતાના વ્હાલા સોયાભાઈને કુંમ કુંમ તિલક, અક્ષત, આરતી મોં મીઠું કરાવી રક્ષા બાંધી હતી. બદલામાં ભાઈ બહેનની રક્ષાનું વચન આપ્યું હતું અને યથા શક્તિ ભેટ ધરી હતી જે અનુસંધાને ડીસા, ધાનેરા, પાલનપુર, ભાભર, દિયોદર, થરાદ, થરા, વાવ, અમીરગઢ, દાંતા, અંબાજી તેમજ તમામ ગામો અને શહેરોમાં ભારે હર્ષોલ્લાસ સાથે ભાઈ બહેનોના અનન્ય હેતના પર્વ રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી.





પાલનપુરમાં આજે સબજેલ ખાતે બનાસકાંઠા ડી.એસ.પી. અશોક યાદવ અને જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ દ્વારા બ્રહ્માકુમારી પાલનપુર સંસ્થા અને વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ દ્વારા જેલમાં રહેલા કેદીઓની હાથે રાખડી બાંદી રક્ષાબંધનની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. કઠોર મનના કેદીઓની આંખોમાંથી તેમના પરિવારને યાદ કરી આંસુ શરી પડ્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# તલોદ માર્કેટયાર્ડના વિકાસ યાત્રામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓના રોડા

તલોદ, તા. ૨૦

તલોદ માર્કેટયાર્ડના ચેરમેન દ્વારા માર્કેટયાર્ડની કાયાપલટમાં તક્તો તૈયાર કરી નાંખ્યો છે. જેમાં ખેડૂતો અને વેપારીઓની સુખ - સુવિધા માટેના નક્કર આયોજન હાથ ધરાયા છે. પરંતુ કેટલાક વેપારીઓ દ્વારા માર્કેટ યાર્ડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આદરી ચેરમેનની વિકાસયાત્રામાં રોડા નાંખી રહ્યા છે. જે અંગે કેટલાક હિત ધરાવતા વેપારીઓએ માર્કેટ યાર્ડના ચેરમેન તથા તલોદ નગરપાલિકાને લેખિતમાં જાણ કરી આ પ્રવૃત્તિઓ બંધ કરવા જાણ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ માર્કેટ યાર્ડમાં નવા વરાયેલા એવોર્ડ વિજેતા પુસરી ગામના વતની એવા નરેન્દ્રભાઈ પટેલે ચેરમેનપદનું સુકાન સંભાળ્યા બાદ વિકાસ મંત્રને આગળ કરી માર્કેટ યાર્ડની કાયાપલટ કરવા આયોજન હાથ ધર્યા છે. જેમાં માર્કેટયાર્ડમાં સી.સી.ટી.વી. કેમેરા, નવીન શેડ, ભોજનાલય, ખેડૂતો માટે રોકાવાનું ગેસ્ટ હાઉસ, સોઈલ હેલ્થ, લેબોરેટરી તેમજ હરસોલ સબ યાર્ડના નવનીકરણ જેવા કાર્યોને પ્રાધાન્ય આપ્યું છે અને વર્ષોથી તલોદ શહેરીજનો જેની આતુરતા પૂર્વક રાહ જોતા હતા તેવું શાકભાજી માર્કેટ પણ બનાવવાનો નિર્ણય કરાયો છે. આ તમા મવિકાસના કાર્યો વચ્ચે માર્કેટ યાર્ડની દુકા નં. ૧૧૮ થી ૧૨૪ દુકાનદારો દ્વારા કોઈ પણ જાતની મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ હાથ ધર્યું છે. જેથી દુકાન નં. ૧૨ થી ૧૮ના દુકાનદારોએ આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે માર્કેટ યાર્ડના ચેરમેને તલોદ નગરપાલિકા, પ્રાંત કચેરી, કલેક્ટર કચેરીએ લેખિતમાં જાણ કરી આ પ્રવૃત્તિઓ અટકાવવા માંગ કરી છે.

## કઠોળ અને શાકભાજીના પાક પર પણ માઠી અસર

અમદાવાદ, તા. ૨૦

છેલ્લા બે દિવસથી સમગ્ર રાજ્યમાં વરસાદે વિસામો લીધો છે જોકે વાતાવરણ સતત વાદળછાયું રહે છે. આ ઉપરાંત રાજ્યમાં છેલ્લા ૬૦ દિવસ સતત વરસાદ પડ્યો હતો જેના કારણે કપાસ, જુવાર, કઠોળ અને શાકભાજીના પાકનું વાવેતર મોડું થયું છે. જેના કારણે તેની અસર ઉત્પાદન ઉપર પડવાની આશંકા છે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાના અને પાણી નીકાલની વ્યવસ્થાના અભાવના કારણે કઠોળ અને શાકભાજીના પાક નિષ્ફળ ગયા છે જ્યારે સોયાબીન જેવા પાકોનું તો વાવેતર જ શક્ય બન્યું નથી. આ ઉપરાંત ચાલુ વર્ષે વધુ વરસાદ અને અપૂરતા સૂર્યપ્રકાશના કારણે રોગ-જીવાત સહિત નિદાંમણના પ્રશ્નો પણ ઉભા થયા છે. જેની ઉત્પાદન ઉપર માઠી અસર થઈ શકે છે.



પાલનપુરમાં આજે સૌ પ્રથમવાર ઔદિચ્ય સહસ્ત્ર ૨૭ વિસી બ્રહ્મસમાજ દ્વારા સમાજની વાડી ખાતે જનોઈ બદલવાનો સમુહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૦ થી વધુ ભુદેવોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય આયોજક પ્રમુખ પ્રેમશંકરભાઈ રાવલ, મંત્રી કાન્તીભાઈ જોષી અને પ્રોજેક્ટ ઈન્ચાર્જ સૈલેષ મહેતાએ સક્રીય ભુમિકા ભજવી સામુહીક યજ્ઞોપવિત બદલવાના બાદ સમુહ પ્રસાદ લઈ કાર્યક્રમ સંપન્ન થયો હતો. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# હિંમતનગર ખાતે ગ્રામસભા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના પાલપુરા પાટીયા સવગઢ ખાતે તારીખ ૧૮ ઓગષ્ટ-૨૦૧૩ના રોજ જમાત એ ઈસ્લામી હિંદ-હિંમતનગર (એ.બી.સી. પ્લાઝા) પાણપુર પાટીયાની ઓફિસ જન વિકાસ સંસ્થા અમદાવાદ દ્વારા ગ્રામસભા એટલું શું ? તેના કાર્યો તથા ગ્રામ સભાની માળખાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

જન સમુદાય તેમજ જન વિકાસના માધ્યમથી જોસેફ પટેલીયાએ વિસ્તૃતમાં માર્ગદર્શન આપ્યુ હતું. આ કાર્યક્રમમાં ૫૬ જેટલા ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે જહીરાબાદ, સંજરનગર, પાણપુર પાટીયા, અલફજલ, દરિપાઈપાર્ક સર્વે નં. ૧૦૮, આર.ટી.ઓ. વિસ્તાર, નુરકોલોની જેવા વિસ્તાર કે જે સવગઢ તથા પરબડા ગ્રામ પંચાયતના વિસ્તારો આવેલ છે. આ વિસ્તાર છેલ્લા દસ વર્ષથી અસ્તિત્વમાં છે. વ્યવસ્થા ગટર તથા રોડ વ્યવસ્થા, રસ્તા તથા સ્ટ્રીટલાઈટની વ્યવસ્થાનો ખૂબ જ અભાવ છે. આ પ્રોગ્રામને સફળ બનાવવા જન વિકાસના કાર્યકર્તા અબ્દુલ વહાબ અંસારી તથા બિસ્મીલ્લા દિવાન તથા સાથી મિત્રો તથા સિકંદરભાઈ સુમરા તથા જનાબ કાજી અ. કાદરભાઈ મેમન (આઈ.આર.સી.) મીર ખાન મકરાણી તથા પનુભાઈ લાકડીવાળા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદમાં ૧૧ હજાર ગેરકાયદે બાંધકામો કાયદેસરના થયા

અમદાવાદ, તા.૨૦

ગેરકાયદેસર બાંધકામ અને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી ભરવાના ફોર્મની મુદત ગઈકાલ તા. ૧૯મીના રોજ પુરી થતા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને કુલ ૨,૪૩,૨૦૦ ફોર્મ મળ્યા છે. છેલ્લા દિવસે રાત્રે ૧૧ વાગ્યા સુધી ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા અને કોર્પોરેશનને છેલ્લા દિવસે જ ૨૭,૨૦૦ ફોર્મ મળ્યા હતા જ્યારે શહેરમાં ૧૧ હજારથી વધુ ગેરકાયદેસર બાંધકામો કાયદેસર થયા છે અને કોર્પોરેશનને ઈમ્પેક્ટ ફીની કુલ આવક રૂા. ૧૯ કરોડ થઈ હોવાનું જાણવા મળે છે. ટાઉન પ્લાનીંગ કમિટી ચેરમેન બીપીન પટેલે આજે જણાવ્યું હતું કે કોર્પોરેશનને ઈમ્પેક્ટ ફીના કુલ ૨,૪૩,૨૦૦ ફોર્મ મળ્યા છે. જેમાં ઝોન મુજબ પશ્ચિમ ઝોનમાં ૧૭,૫૫૫, ઉત્તર ઝોનમાં ૫૦,૬૩૫, દક્ષિણ ઝોનમાં ૫૩,૧૦૧, પૂર્વ ઝોનમાં ૭૯,૫૯૩, નવા પશ્ચિમ ઝોનમાં ૩૭,૧૦૫ અને મધ્ય ઝોનમાં ૫૨૧૧ ફોર્મનો સમાવેશ થાય છે. ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કોર્પોરેશનને ૨૭,૨૦૦ હજાર ફોર્મ મળ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે શહેરમાં આજ સુધીમાં ૧૧ હજાર ગેરકાયદેસર બાંધકામો કાયદેસર થયા છે. અમદાવાદ શહેરમાં પાંચ લાખથી વધારે ગેરકાયદેસર બાંધકામો થયેલા છે. ઈમ્પેક્ટ ફીના ફોર્મ ભરવાની મુદત ગઈકાલે પૂર્ણ થઈ હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન